ગાંધીનગર સમાચાર

કુડાસણ પાસે વહેલી સવારે એરફોર્સની બસ ઝાડમાં ઘુસી જતા અકસ્માત

## @ગાંધીનગર

● સે.૧૭ ટાઉનહોલ ખાતે સવારે ૧૦ કલાકે ઈસ્લામિક (સ્પીરીચ્યુઅલ સમિટ રાષ્ટ્રીય સુન્ની કોન્ફરન્સનું આયોજન કરવામાં આવ્યું છે.

● હોમગાર્ડઝ સ્થાપના દિવસની ઉજવણી અંતર્ગત સે.૧૧ સ્થિત રામકથા મેદાનમાં રમતોત્સવનું આયોજન કરવામાં આવ્યું છે.

● માતૃભાષા અભિયાન અને આત્મન ફાઉન્ડેશન દ્વારા સવારે ૭-૩૦ થી ૯-૩૦ કલાક દરમિયાન ઘ-૪ સર્કલ પાસે, ઉદ્યોગ ભવન નજીક પુસ્તક પરબ યોજાશે.

● વિશ્વકર્મા સેવા સમાજ દ્વારા બપોરે ૨ થી ૭ કલાક દરમિયાન ટાઉનહોલ, સે.૧૭ ખાતે સમાજનો સ્નેહમિલન સમારોહ યોજાશે.

● શ્રીમાળી બ્રાહ્મણ સમાજ દ્વારા સાંજે ૫ કલાકે ઘુંઘટ હૉટલ ખાતે સમાજનો ત્રિવેણી ઉત્સવ યોજાશે.

● બહુજન સમાજ પાર્ટી દ્વારા સવારે ૧૧ કલાકે સેક્ટર-૬ના મેદાન ખાતે વિશાળ રેલી તતા શ્રદ્ધાંજલિ સભા યોજાશે.

- નજાહખાનમ સૈયદ

## ડૉ. આંબેડકરની પ્રતિમાને પુષ્પાંજલિ અર્પણ કરાશે

ગાંધીનગર, તા. ૫

ગાંધીનગર જિલ્લા દલિતસેના દ્વારા ભારતના બંધારણના ઘડવૈયા ડૉ. બાબાસાહેબ આંબેડકરની ૫૯મી પૂર્ણતિથિ નિમિત્તે સવારે ૯.૩૦ કલાકે વિધાનસભાની સામે આવેલ બાબાસાહેબની પ્રતિમાને પુષ્પાંજલિ અર્પવામાં આવશે. પુષ્પાંજલિ દરમિયાન દલિતસેનાના સર્વ પદાધિકારીઓ અને સભ્યોને ઉપસ્થિત રહેવા સેનાના પ્રમુખ બાબુભાઈ મેસરવાલા તેમજ ઉપપ્રમુખ દાનાભાઈ મિસ્ત્રીએ જણાવ્યું છે.

## કલોલ હાઈવે પર ડૉ. બાબાસાહેબ આંબેડકરને શ્રદ્ધાંજલિ અપાશે

કલોલ, તા. ૫

ભારતરત્ન, વિશ્વવિભૂતિ, મહામાનવ ભારતનાં બંધારણના ઘડવૈયા, પછાત વર્ગોના મશિહા ડૉ. બાબાસાહેબ આંબેડકરની ૫૯મી નિર્વાણતિથિ તા. ૬ઠ્ઠી ડિસેમ્બરના રોજ શ્રદ્ધાંજલિ કાર્યક્રમ કલોકમાં સવારે ડૉ. બાબાસાહેબ આંબેડકરની પ્રતિમા હાઈવે, કલોલ ફલાઈ ઓવર પાસે, ત્રણ રસ્તામાં યોજાશે.

ડૉ. બાબાસાહેબ આંબેડકર ગૌરવ સમિતિના પ્રમુખ ગિરીશભાઈ પંડ્યાએ જણાવેલ છે.



# શહેરમાં દબાણને પગલે ઝુંપડાવાસીઓએ સામાન ઝાડ પર લટકાવ્યો

ગાંધીનગર તા.૫

ગાંધીનગર શહેરમાં વર્ષોથી અડીંગો જમાવીને બેઠેલા દબાણકારો પર દબાણ તંત્ર ત્રાટકવાની તૈયારી કરી રહ્યું છે. આગામી સપ્તાહની સવારથી દબાણ હટાવવાની પ્રક્રિયા હાથ ધરવામાં આવનાર છે. ત્યારે શહેરમાં આવેલા લારી-ગલ્લા ધારકો પોતાનો સામાન મુકવા માટે સલામત સ્થળ શોધી રહ્યા છે. ત્યારે નગરમાં ઝુંપડા બાંધી રહેતા લોકોએ પોતાનો સામાન ઝાડ પર લટકાવી દીધો છે.

ગાંધીનગર શહેરને વર્ષોથી દબાણે અજગરી ભરડો લીધો છે. શહેરમાં નજર કરો ત્યાં અત્યારે હાલના સમયે લારી-ગલ્લાં તેમજ ઝુપડાઓનું દબાણ દ્રશ્યમાન થાય છે. શહેરમાં દબાણ વિભાગ દ્વારા અવારનવાર ઝુંબેશ હાથ ધરવામાં આવે છે. પરંતુ થોડા સમય બાદ નગરમાં પાછું દબાણ ઉભુ થઈ જાય છે. દબાણ હટવાનું નામ લેતું નથી ત્યારે તંત્રના અધિકારીઓ માટે દબાણનો પ્રશ્ન માથાના દુખાવા સમાન બની ગયો છે. શહેરના માર્ગો પર તેમજ સેકટરના આંતરીક માર્ગો પર લારી-ગલ્લો સહિત ઝુપડાવાસીઓ પોતાની મિલકત હોય તેમ અડીંગો જમાવી દીધો છે. હવે તો દબાણકારોની દાદાગીરી પણ વધી જવા પામી છે શહેરમાં દબાણમાં વિશેષ વધારો જોવા મળયો છે. ત્યારે દબાણ વિભાગ આગામી સપ્તાહથી દબાણકારો પર ત્રાટકવાની તૈયારીઓ પુર્ણ કરી દીધી છે. તંત્રની લાલ આંખ જોઈ અત્યારે હાલ તો લારી-ગલ્લા સહિત ઝુપડાધારકો સલામત સ્થળની શોધખોળમાં લાગી ગયા છે. ત્યારે રોડની સાઈડમાં ખુલ્લામાં મજુરી કામ કરીને રહેતા શ્રમીક પરિવારોએ પણ પોતાનો સામાન સલામત જગ્યાએ ઝાડ પર લટકાવી દીધો છે. મજુરી કરવા ગયા હોય અને દબાણ શાખા સામાન ન લઈ જાય તે માટે એટલી ઉંચાઈએ સામાન લટકાવ્યો છે કે દબાણના કર્મચારીઓનો હાથ પણ પહોંચી ના શકે જયારે ઝુપડાવાસીઓએ પણ તંત્રની નજર ના પડે તે માટે જાતે છાપરા ખોલી નાખ્યા છે. શહેરમાં દબાણ ખુબ મોટા પ્રમાણમાં વધતા જાગૃત નાગરીકો દ્વારા તંત્રનું ધ્યાન દોરવામાં આવતું હતું. ત્યારે દબાણ વિભાગ ત્રાટકવાનું છે તે વાતથી શહેરના લારીગલ્લા ધારકોમાં ફફળાટ વધી ગયો છે. પરંતુ તંત્ર દ્વારા શહેરના સેકટરોથી લઈ તમામ દબાણ દુર કરવામાં આવશે.



## વાતવાતમાં

● ગાંધીનગરના રાજમાર્ગો વચ્ચેના ડીવાઈડર્સની સફાઈનું કાર્ય જોરશોરથી હાથ ધરાયું છે. માર્ગોની જેમ જ ડીવાઈડર્સ પણ પહોળા બનાવાયા છે. જેમાં ફૂલ-છોડ વાવી નગરને નયનરમ્ય બનાવાયું છે.

● સ્વર્ણિમ પાર્ક ખાતે સ્થાપિત કરાયેલ સરદાર પટેલની પ્રતિમાની ફિનીશીંગનું કાર્ય ચાલી રહ્યું છે. અખંડ ભારતને એક તાંતણે વણી લેનાર સરદાર પટેલની પ્રતિમાના સાંધાઓ મિલાવવાનું તથા પોલીશીંગનું કાર્ય કરાઈ રહ્યું છે.

● નગરમાં શિયાળાનો પ્રારંભ થઈ જતા જ નગરજનોમાં વિદેશી યાયાવર પક્ષીઓ નિહાળવાનો ક્રેઝ જોવા મળી રહ્યો છે. આ વિહંગાવલોકન માટે રસિકોએ મોટી સંખ્યામાં થોળ તળાવ તથા નળ સરોવર ભણી દોટ મુકી છે.

- સમીર રામી, મો. ૯૯૨૪૪૪૬૬૪૫

## આજે સશસ્ત્ર સેના ધ્વજ દિવસે ઉદાર હાથે ફાળો આપવા અપીલ

ગાંધીનગર, તા. ૫

મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબહેન પટેલે સશસ્ત્ર સેના ધ્વજ દિવસ તા.૭ મી ડિસેમ્બર નિમિત્તે ઉદાર હાથે ફાળો આપવા પ્રજાજનોને અપીલ કરી છે.

શ્રીમતી આનંદીબહેને ગુજરાતના તમામ નાગરિકોને અપીલ કરતાં જણાવ્યું છે કે, આપણા સીમાડાઓની સુરક્ષા સાથે દેશની રક્ષા અને આતતાયીઓના મુકાબલા માટે પોતાના પ્રાણની પરવા પણ ન કરનારા સેનાનીઓ પ્રત્યે ઋણ અદા કરવાનો નાગરિક કર્તવ્યભાવ વ્યકત કરવાનો આ અવસર છે.

આ સેનાનીઓ પૂર-વાવાઝોડુ-ભૂકંપ જેવી કુદરતી વિપદાઓમાં પણ નાગરિકોના જાન-માલ બચાવ અને રાહત કામગીરીમાં દિન-રાત ખડેપગે રહે છે તેનું ઋણ અદા કરવાનો પણ આ અવસર છે.

સશસ્ત્ર સેનાનીઓ તથા તેમના પરિવારજનોના કલ્યાણ માટે ઉદાર હાથે ફાળો આપી સશસ્ત્ર સેના ધ્વજ દિવસની ઉજવણી રાજ્યભરમાં કરવા મુખ્યમંત્રીશ્રીએ અનુરોધ કર્યો છે.

## ભાટ ગામે નદીના પટમાં ધમધમતી દેશી દારૂની ભઠ્ઠી પર પોલીસના દરોડા

**અડાલજ પોલીસે દરોડા પાડી ૧૩૦૦૦ લીટર દેશી દારૂનો વોશ જપ્ત કરી તેનો નાશ કર્યો**

ગાંધીનગર, તા. ૫

ગાંધીનગર નજીક ભાટ ગામે નદીના પટમાં દેશી દારૂની ભઠ્ઠીઓ પર અડાલજ પોલીસે દરોડા પાડી અંદાજે ૧૩ હજાર લીટર દેશી દારૂનો વોશનો જથ્થો ઝડપી પાડ્યો હતો. અને ત્રણ આરોપીને ઝડપી પાડી તેમના વિરૂદ્ધ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

પ્રાપ્ત માહિતી અનુસાર ગાંધીનગર નજીક ભાટ ગામે નદીના પટમાં કેટલાક બુટલેગરો દેશી દારૂની ભઠ્ઠીઓ પર દારૂ ગાળી રહ્યા હોવાની બાતમી અડાલજ પોલીસને મળી હતી. જે બાતમીના આધારે અડાલજ પોલીસની ટીમે બાતમી સ્થળે દરોડા પાડ્યા હતા. અને અંદાજે ૧૩,૨૦૦ લીટર દેશી દારૂનો વોશ જપ્ત કરી કુલ ૨૬,૪૦૦ની કિંમતના વોશનો નાશ કર્યો હતો.

જ્યારે આરોપી બુટલેગર કમલાદેવી ભંવરલાલ માલાવત, વિક્રમ ઉર્ફે વિકી પોખરાજ છારા અને ધર્મવીર રૂપસિંહ નટ ત્રણેય બનાવ સ્થળેથી નાશી છુટ્યા હતા. અડાલજ પોલીસે આ મામલે ગુનો નોંધી તમામ ફરાર આરોપીઓની શોધખોળ હાથ ધરી છે.

## કુડાસણ પાસે વહેલી સવારે એરફોર્સની બસ ઝાડમાં ઘુસી જતા અકસ્માત

**અકસ્માતમાં બસના આગળના ભાગના ભુક્કા બોલી ગયા હતા : બે જવાન ઈજાગ્રસ્ત**



ગાંધીનગર, તા. ૫

ગાંધીનગર કોબા માર્ગ પર કુડાસણ પાટીયા પાસે આજે વહેલી સવારે એરફોર્સની બસના ચાલકે બસ પરનો કાબુ ગુમાવતા બસ માર્ગ પાસેના તોતીંગ ઝાડમાં ઘુસી ગઈ હતી. જેથી બસના આગળના ભાગના ભૂક્કા બોલી ગયા હતા. આ અકસ્માત એરફોર્સના બે જવાનોને ગંભીર ઈજા થવા પામી હતી. જો કે આ મામલે કોઈ પોલીસ ફરિયાદ થવા પામી ન હતી.

પ્રાપ્ત વિગતો અનુસાર અમદાવાદ એરફોર્સ સ્ટેશનથી એરફોર્સ કર્મી દિપક રાઘવનભાઈ બિડાલીયા અને અન્ય એક જવાન એરફોર્સની બસ નં. ૦૦પી૧૪૧૮૩ લઈ અમદાવાદ તરફથી ગાંધીનગર વહેલી સવારે કામ અર્થે આવી રહ્યા હતા. આ દરમિયાન કુડાસણ નજીક પહોંચતા અચાનક જ બસના ચાલકે સવારે ૬.૪૫ કલાકના સમયગાળામાં બસ પરનો કાબુ ગુમાવતા બસ માર્ગની બાજુના ઝાડમાં ઘુસી ગઈ હતી. આથી ગંભીર અકસ્માત સર્જાયો હતો. આ અકસ્માતમાં બસના ચાલકને લોહીયાળ ઈજાઓ થતા તુરંત અમદાવાદ સ્થિત આર્મી હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડવામાં આવ્યો હતો. વહેલી સવારે બનેલી ઘટનામાં બસના આગળના ભાગે ભારે નુકસાન થવા પામ્યું હતું. જો કે આ બનાવ અંગે કોઈ પોલીસ ફરિયાદ નોંધાઈ નથી.

## માઉન્ટકાર્મેલ સ્કૂલના વિદ્યાર્થીઓએ વિવિધ સ્વાદિષ્ટ વાનગીઓ બનાવી

**ધોરણ-૯ના બાળકોએ જ્ઞાનવર્ધક રમતો રજૂ કરી : બાળકો ડીજેના તાલે ઝુમ્યા**

ગાંધીનગર, તા. ૫

ગાંધીનગરના સે. ૨૧માં માઉન્ટકાર્મેલ સ્કૂલ ખાતે આજે કાર્નિવલ ડેની ઉજવણી કરાઈ હતી. આ ઉજવણી અંતર્ગત ધોરણ:૯ના બાળકો માટે વિવિધ રમતોનું આયોજન કરાયું હતું તથા ધો. ૧૦ના વિદ્યાર્થીઓ દ્વારા અનેક પ્રકારની સ્વાદિષ્ટ વાનગીઓ તૈયાર કરી તેનું વેચાણ કરાયું હતું. આ વેચાણમાંથી થયેલ આવકને સંચાલક મંડળ દ્વારા દત્તક લેવાયેલ સે. ૨૦ની પ્રાથમિક શાળાના જરૂરિયાતમંદ બાળકો માટે ઠંડીથી રક્ષણ મળે તે હેતુથી ગરમ વસ્ત્રો પુરા પાડવા જેવી સેવાકિય પ્રવૃત્તિમાં ખર્ચવામાં આવશે.




માઉન્ટકાર્મેલ શાળામાં યોજાયેલા કાર્નિવલ ડે માં ધો. ૧૦ના વિદ્યાર્થીઓએ પોતાના પોકેટમનીનો ઉપયોગ કરી વિવિધ સ્વાદિષ્ટ વાનગીઓ જાતે બનાવી હતી. જેમાં પીઝા, ગાર્લિક બ્રેડ, મન્ચ્યુરિયન, પાણીપુરી, ભેળ, ખીચુ, સ્વીસ રોલ ઉપરાંત અનેક પ્રકારના સ્વાસ્થ્યવર્ધક પીણા જેવા કે મોજીટો, મોકટેઈલ તથા અન્ય એનર્જી ડ્રિન્ક્સ તૈયાર કર્યા હતા. આ તમામ વાનગીઓના સ્ટોલ્સ બનાવી તેનું વેચાણ કરાયું હતું.

આ ઉપરાંત ધોરણ-૯ના બાળકો માટે વિવિધ રમતોનું આયોજન કરાયું હતું. જેમાં મેથેમેટિક્સ તથા સાયન્સ સહિતની જ્ઞાનવર્ધક રમતો ઉપરાંત પઝલ્સ, ગન ગેમ વગેરેનો બાળકોએ આનંદ ઉઠાવ્યો હતો.

આ સાથે કાર્નિવલમાં ડીજે સંગીતનું પણ આયોજન કરાયું હતું. જેમાં બાળકોએ મનમુકીને ખૂબજ ડાન્સ કર્યો હતો. નાના ભૂલકાંઓ માટે એર જમ્પીંગ યાર્ડ તથા ડોરેમોન, છોટા ભીમ તથા હાથી જેવા વિશાળ કેરેકટર્સે ભારે આકર્ષણ જમાવ્યું હતું. સવારથી ચાલુ થયેલા આ કાર્નિવલમાં ૧૧ વાગ્યા પછી વાલીઓને પણ પ્રવેશ આપવામાં આવ્યો હતો.

## સરગાસણ ખાતે કરંટ લાગતા યુવકનું મૃત્યુ

ગાંધીનગર, તા. ૫

ગાંધીનગર શહેરને અડીને આવેલા સરગાસણ લેબર કોલોની ખાતે રહેતા યુવાનને આજે સવારે કરંટ લાગતા યુવાનનું મૃત્યુ થયું છે. આ યુવાન સરગાસણ ખાતે નિર્માણ પામતી નવી બિલ્ડીંગમાં ઈલેક્ટ્રીકનું કામ કરી રહ્યો હતો. તે દરમિયાન આ બનાવ બનવા પામ્યો હતો. યુવકને તાત્કાલિક સારવાર અર્થે દવાખાને લઈ જવાયો હતો. પરંતુ ડૉકટરે મૃત જાહેર કર્યો હતો. આ બનાવ અંગે ઈન્ફોસીટી પોલીસ મથકે ફરિયાદ નોંધાઈ છે. ઈન્ફોસીટી પોલીસ મથકના પી.એસ.આઈ. એમ.આર. પટેલે આ બનાવ અંગે તપાસ હાથ ધરી છે.

ગાંધીનગર શહેરને અડીને આવેલા સરગાસણ ગામથી રીલાયન્સ ચોકડી જવાના માર્ગ પર લેબર કોલોની આવેલી છે. આ કોલોનીમાં ફાલ્ગુન દયાલુરામ પટેલ (ઉં.વ.૨૦) રહેતો હતો. અને ઈલેક્ટ્રીકનું કામ કરીને જીવન ગુજારતો હતો. પરંતુ આજે સવારે વાઈરીંગનું કામ ચાલુ હતુ તે દરમિયાન અચાનક કરંટ લાગતા યુવકનું મોત નિપજ્યું હતું.

## ડૉ. બાબાસાહેબ આંબેડકરના આજે નિર્વાણદિને શ્રદ્ધાંજલિ કાર્યક્રમ



ગાંધીનગર, તા. ૫

ડૉ. બાબાસાહેબ આંબેડકરના નિર્વાણ દિન છઠ્ઠી ડિસેમ્બરના રોજ વિધાનસભા સામે ડૉ. બાબાસાહેબ આંબેડકરની પ્રતિમા સામે સવારે સાડા આઠ વાગ્યે પુષ્પાંજલિનો કાર્યક્રમ યોજવામાં આવશે. પુષ્પાંજલિ કાર્યક્રમમાં મંત્રી રમણલાલ વોરા, (સામાજિક ન્યાય અનો અધિકારીતા) તથા મહાનુભાવો અને ૧૦૦૦ થી વધુ વિદ્યાર્થીઓની હાજરીમાં શ્રદ્ધાંજલિ આપનાર છે. ડૉ. બાબાસાહેબ આંબેડકરના જીવન કવન પર યોજાયેલ વકૃતત્વ સ્પર્ધામાં પ્રથમ ત્રણ વિદ્યાર્થીઓ ડૉ. બાબા સાહેબ આંબેડકરના જીવન કવન પર પોતાના વકતવ્યો પણ રજૂ કરનાર હોઈ સદર કાર્યક્રમ ગાંધીનગરના સર્વે પ્રજાજનોને હાજર રહેવા જણાવેલ છે.

## શિયાળામાં લીલી તુવેરની સ્વાદિષ્ટ કચોરીની ઘેર ઘેર મિજબાની

**ચટાકેદાર તીખી અને મીઠી ચટણીનો સાથ સંગમ ભરપેટ મજા આપે છે, લીલી તુવેરની જબરદસ્ત માંગ**

ગાંધીનગર, તા. ૫

શિયાળામાં પૌષ્ટિક આહાર એ વર્ષભરની તંદુરસ્તી પ્રદાન કરનારો મનાય છે. જેથી સૌ કોઈ વર્ષની આ સર્વશ્રેષ્ઠ ઋતુમાં અવનવી વાનગીઓ બનાવી આરોગવાનું યોગ્ય ગણે છે. લીલા શાકભાજી, વસાણા, ફરસાણ વગેરે સૌથી વધુ શિયાળામાં જ ખવાય છે. જે પૈકી હાલ લીલી તુવેરની સ્વાદિષ્ટ કચોરીની ઘેર ઘેર મિજબાની થઈ રહી છે. વર્ષમાં ફરત આ જ ઋતુમાં કચોરી ખાવાની તક મળતી હોઈ લીલી તુવેર શાકમાર્કેટમાંથી ચપોચપ ઉપડી જાય છે. આ ફરસાણને વધુ સ્વાદિષ્ટ બનાવવા ચટાકેદાર તીખી અને મીઠી ચટણી પણ બનાવાય છે. જેમાં વળી ગૃહિણીઓ તૈયાર મસાલાનો ઉમેરો કરતાં ઘરમાં બનેલી આ વાનગી ભરપેટ મજા લેવાય છે.



શિયાળાની ઠંડીની તીવ્રતામાં વધારો થઈ રહ્યો છે. ત્યારે આ ઠંડીમાં ગરમાગરમ અને સ્વાદિષ્ટ રસોઈના ચટાકાપટાકા લોકોમાં વધતા જાય છે. શાકમાર્કેટમાં તમામ લીલા શાકભાજી ઉપલબ્ધ બન્યા છે. જેમાં આદુ, મરચાં, કોથમીર, બીટ, ટામેટા, ગાજર, હળદરની માંગ સૌથી વધારે ઊભી થઈ છે. ચોકબાજુ વિવિધ પ્રકારના કચરીયા, સુકા મેવા, કૌચા પાક વગેરેનો સ્વાદ લેવાઈ રહ્યો છે. ત્યારે થાળીમાં ગરમાગરમ કચોરીની યાદ પણ તાજી થઈ છે જેથી હાલ શહેરમાં ઘેરઘેર લીલી તુવેરની કચોરી મનભરીને ખવાઈ રહી છે. શિયાળા પૂરતી જ મળતી અને શિયાળામાં જ સ્વાદિષ્ટ લાગતી આ કચોરી માટે ગૃહિણીઓની દોડધામ વધી ગઈ છે અને શાકમાર્કેટમાં લીલી તુવેરની માંગ પણ વધુ ઊભી થઈ છે.

લીલી તુવેરને ક્રશ કરી તેમાં મસાલાનું મિશ્રણ કરી નાની પુરીમાં વણી લઈ ચારે બાજુ વળાંક આપી આકર્ષક કચોરી બનાવવામાં ગૃહિણીઓ મશગુલ બની છે. ઘરના સભ્યોને કચોરીનો શ્રેષ્ઠ સ્વાદ પુરો પાડવા સાથે ચટાકેદાર તીખી અને મીઠી પણ બનાવાય છે અને આ ત્રિવેણી સંગમ થકી આરોગાતી કચોરી સર્વશ્રેષ્ઠ ખોરાક તરીકે ઘરના સભ્યો પેટભરીને મજા લઈ રહ્યા છે. ગરમાગરમ કચોરીનું ભોજન વર્ષભેર યાદ રહી જાય તેવું બનતા ગૃહિણીઓ આડોશપડોશમાં તેની ચર્ચા કરી એકબીજાના ઘરે કચોરી બનાવવાનું સહર્ષ આમંત્રણ પણ મેળવી લે છે. આમ શિયાળામાં પૌષ્ટિક આહાર તરીકે ગણાતી કચોરી હાલ તો ઘેરઘેરની લોકપ્રિય મિજબાની બની ગઈ છે.



તસવીર : ધર્મેન્દ્ર મહેતા

## સેકટર-૧૧ ખાતે ડાક અદાલત યોજાશે

ગાંધીનગર, તા. ૫

ટપાલ સેવાને લગતા પ્રશ્નોના નિરાકરણ માટે સિનિયર સુપ્રિન્ટેન્ડેન્ટ ઑફ પોસ્ટ ઑફિસીસ ગાંધીનગર ડિવિઝન દ્વારા સેકટર-૧૧ ખાતે આગામી તા.૧૪ ડિસેમ્બરના રોજ સવારે ૧૧.૦૦ કલાકે ડાક અદાલતમાં ટપાલ સેવાઓને લગતી ફરિયાદો સાંભળવામાં આવશે.

ટપાલસેવા અંગેની ફરિયાદો સેકટર-૧૧ના કાર્યાલય ખાતે તા. ૧૦ ડિસેમ્બર સુધીમાં પહોંચાડવાની રહેશે. નિર્ધારિત સમય મર્યાદા બાદ મળેલ ફરિયાદોને ધ્યાનમાં લેવામાં આવશે નહિ. આમ ટપાલ સેવાના પ્રવર અધિક્ષકે અખબાર યાદીમાં જણાવ્યું છે.

## ચિરવિદાય

- સ્વ. મહેન્દ્રભાઈ સોમભાઈ પટેલ, ઉ.વ.૫૫
- સ્વ. ઈન્દુમતીબેન લક્ષ્મીચંદ શાહ, ઉ.વ.૮૦